# ભાલેજમાં ગ્રીન હાઉસની મુલાકાત લેતા આણંદ કલેક્ટર



આણંદના કલેક્ટર રાકેશ શંકર અને આઈએફએસ (જોઈન્ટ મેનેજિંગ ડાયરેક્ટર) દ્વારા આણંદ જિલ્લાના ઉમરેઠ તાલુકાના ભાલેજ ગામમાં જીજીઆરસી મારફત રક્ષિત ખેતીના પાયલોટ પ્રોજેક્ટ અંતર્ગત સ્થાપિત ગ્રીન હાઉસની મુલાકાત લેવામાં આવી હતી. કુલ ૮ ખેડૂતોએ જૂથ બનાવી આ યોજનાનો લાભ મેળવ્યો છે અને ગ્રીન હાઉસમાં સફળતાપૂર્વક કાકડી, કેપ્સીકમ, ટામેટા જેવા પાકોની ખેતી કરી છે. જેના વેચાણ માટે વડોદરા સ્થિત નીઓ પોલિટન પીઝા કંપની સાથે કરાર કર્યો છે.